भारतीय गैर न्यायिक

एक सौ रुपये Rs. 100

रु. 100 ONE HUNDRED RUPEES

सत्यमेव जयते

भारत INDIA

INDIA NON JUDICIAL

ગુજરાત गुजरात GUJARAT 19 DEC 2015 AS 814039

અ. નં. 30308 તારીખ ______ રૂા. 100

અંકે રૂપિયા : એકસો પુરા

નો સ્ટેમ્પ જે સાંધણ સાથે રૂા. 100

અંકે રૂપિયા ______ ના આજ રોજ

શ્રી સતીષ ડબલ્યુ ઠાકોર (એડવોકેટ)

રહે. ઉન સંજરનગર, નહેર પાસે, સુરત ને વેચાણ આપ્યો.

હસ્તક ______ લેનાર ની સહી. ______

મંજુલ બી. પટેલ
સ્ટેમ્પ વેન્ડર, બા.૧/૨૦૦૩
શોપ નં.૧૦, ગાર્ડન વ્યુ કો.ઓ.સો.,
જી.આઈ.ડી.સી.વાપી-૩૯૬ ૧૯૫

# ટ્રસ્ટડીડ

આજ રોજ સંવત : ૨૦૭૨ ના માગશર સુદ તેરસ ને, વાર : બુધવાર, તારીખ : ૨૩ મી, માહે : ડીસેમ્બર, સને ૨૦૧૫ ના અંગ્રેજી દિને, આ ટ્રસ્ટડીડ નીચે મુજબના પક્ષકારો વચ્ચે કરવામાં આવેલ છે.

Scanned with OKEN Scanner

**<u>પ્રથમ પક્ષકાર યાને સેટલર :-</u>**

દેવેન્દ્રકુમાર સત્યદેવ પાંડે
ઉ.આ.વ : ૩૩, ધંધો : વેપાર,
રહેવાસી : ૨૧, સ્વર વીલા સૃષ્ટિ બંગ્લોઝ, બારડોલી,
તા. બારડોલી, જી. સુરત.

**તથા**

**<u>બીજા પક્ષકાર યાને કે ટ્રસ્ટીઓ :-</u>**

(૧) દેવેન્દ્રકુમાર સત્યદેવ પાંડે
ઉ.આ.વ : ૩૩, ધંધો : વેપાર,
રહેવાસી : ૨૧, સ્વર વીલા સૃષ્ટિ બંગ્લોઝ, બારડોલી,
તા. બારડોલી, જી. સુરત.

(૨) હિતેન્દ્ર સત્યદેવ પાંડે
ઉ.આ.વ : ૩૦, ધંધો : વેપાર,
રહેવાસી : ૨૧, સ્વર વીલા સૃષ્ટિ બંગ્લોઝ, બારડોલી,
તા. બારડોલી, જી. સુરત.

(૩) વિશાલકુમાર મોહનભાઈ મીસ્ત્રી.
ઉ.આ.વ : ૨૮, ધંધો : વેપાર,
રહેવાસી : ૨૪૬, જલારામ હુડકો સોસાયટી, બારડોલી,
તા. બારડોલી, જી. સુરત.

(૪) સત્યદેવ ઉદયરાજ પાંડે
ઉ.આ.વ : ૬૯, ધંધો : વેપાર,
રહેવાસી : ૨૧, સ્વર વીલા સૃષ્ટિ બંગ્લોઝ, બારડોલી,
તા. બારડોલી, જી. સુરત.

Scanned with OKEN Scanner

(૫) કેવલાબેન સત્યદેવ પાંડે
ઉ.આ.વ : ૬૫, ધંધો : ઘરકામ,
રહેવાસી : ૨૧, સ્વર વીલા સૃષ્ટિ બંગ્લોઝ,
શીશુ મંદિર વિદ્યાલય પાસે, ધામદોડ લુમ્ભા,
બારડોલી, તા. બારડોલી, જી. સુરત.

અમો પ્રથમ પક્ષકારને ઘણાં સમયથી શૈક્ષણિક અને સામાજીક ક્ષેત્રે સમાજ સેવા કરવાની ઈચ્છા હતી. તે મુજબ આજરોજ અમોએ એક સાર્વજનિક ટ્રસ્ટની રચના કરેલ છે. અને તે માટે અમોએ અમારી અંગત માલિકીના રૂા. ૨,૫૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) બીજા પક્ષકારોને સોંપેલ છે. હવે તે રકમ ઉપર અમારો કે અમારા વંશ, વાલી, વારસોનો કોઈ હકક હિસ્સો રહેતો નથી. આ ટ્રસ્ટના નિયમો નીચે મુજબ છે.

(૧) ટ્રસ્ટનું નામ :–

આ ટ્રસ્ટનું નામ "શ્રી સત્યકેવલમ્ એજયુકેશન એન્ડ ચેરીટબલ ટ્રસ્ટ" રહેશે.

(૨) કાર્યાલય :–

આ ટ્રસ્ટનું કાર્યાલય તથા મુખ્ય મથક નીચેના સરનામે હાલ પુરતુ રહેશે.
C/o. દેવેન્દ્રકુમાર સત્યદેવ પાંડે
૨૧, સ્વર વીલા સૃષ્ટિ બંગ્લોઝ, બારડોલી,તા. બારડોલી, જી. સુરત રહેશે.
ભવિષ્યમાં જરૂર પડયે ટ્રસ્ટીઓ તેમા ફેરફાર કરી શકશે.

(૩) કાર્યક્ષેત્ર :–

આ ટ્રસ્ટનું કાર્યક્ષેત્ર સમગ્ર ભારત વર્ષ રહેશે.

(૪) હેતુઓ :–

<u>સંસ્થાના નીચેના હેતુઓનો અમલ કોઈપણ ન્યાત, જાત કે ધર્મના ભેદભાવ વિના કરવામાં આવશે. સદર હેતુઓ સરકારશ્રીની તથા કાયદાની પ્રવર્તમાન જોગવાઈઓ અન્વયે મેળવવાપાત્ર પૂર્વ પરવાનગી મેળવીને હેતુઓ અનુસાર કામગીરી કરવામાં આવશે.</u>

Scanned with OKEN Scanner

(૧) શિક્ષણ અને કેળવણી માટેની તમામ પ્રવૃત્તિઓ જેવી કે બાળ મંદિર, પ્રાથમીક શાળા, માધ્યમીક શાળા, ઉ.મા. શાળા અને કેળવણી અંગે જરૂરી કાર્યવાહી કરવા, આવી સંસ્થાઓ ઉભી કરવી, ચલાવવી અને નિભાવવી.

(૨) વિદ્યાર્થીઓના માનસિક અને બૌધિક વિકાસ તેમજ સંસ્કારીક વિકાસ માટે સાત્વિક પુસ્તકોનું વાંચન મળે તે માટે વાંચનાલય શરૂ કરવું અને ચલાવવું.

(૩) વિદ્યાર્થીઓમાં ઉત્સાહ તથા ઉમંગ જળવાય તે માટે જરૂરી સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજવી અને આ બાબતમાં જરૂરી ઈનામોની વહેંચણી કરવી.

(૪) વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય તથા શારીરિક, માનસિક, બૌધિક, નૈતિક, વિકાસ અંગેની વિવિધ પ્રકારની રમત–ગમતની પ્રવૃત્તિઓ કરવી.

(૫) લાયક કે ગરીબ વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓને પુસ્તકો, ખોરાક, કપડા અને બીજી જીવન જરૂરી વસ્તુઓ પુરી પાડવી અથાવ સ્કોલરશીપ અથવા તમામ પ્રકારની નાણાંકીય મદદ કરવી.

(૬) અનાથઆશ્રમ, દાન સહાય કેન્દ્ર, વૃધ્ધાશ્રમો, આશ્રમશાળા, સેનેટોરીયમ, વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ સ્થાપવા, ચલાવવા તેમજ લોક કલ્યાણની તથા આધ્યાત્મીક પ્રવૃત્તિઓ કરવી.

(૭) માનવ રાહત પ્રવૃત્તિઓને વેગ આપવો, કુદરતી આફત વખતે રાહત કાર્યો કરવા, ચલાવવા તથા જનકલ્યાણ અર્થે અન્ય પ્રવૃત્તિઓ કરવી.

(૮) મેડીકલ ચેકઅપ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, દવાખાનાઓ, હોસ્પિટલો, નર્સિંગ હોમ, લેબોરેટરીઓ, હેલ્થ સેન્ટરો, પ્રાથમિક સારવાર કેન્દ્ર, શરૂ કરવા અને નિભાવવા કે આવી સેવાઓ માટે સહાય કરવી અને તેને પ્રોત્સાહન આપવુ તેમજ લોકોને એમ્બ્યુલન્સ વાનની સવલત ટ્રસ્ટની મર્યાદામાં રહીને પુરી પાડવી.

(૯) રકતદાન શિબિર, નેત્રદાન/ચિકિત્સા શિબિર, દંત ચિકિત્સા શિબિર, રોગનિદાન શિબિર, શારિરીક ચિકિત્સા શિબિર વગેરે જેવા વૈદકિય શિબિરોનું આયોજન કરવુ તથા ગરીબ અને જરૂરીયાતમંદોને દવાઓ પુરી પાડવી તેમજ હોસ્પિટલના બીલ અંગેની ચુકવણી કરવી.

(૧૦) સામાજીક રીતે તરછોડાયેલી, છૂટાછેડા લીધેલી, વિધવા તેમજ ગરીબ અને અપંગ બહેનોની શકિતને વિકસાવવા અને તેમને પગભર કરવા ગૃહ ઉદ્યોગો અને તેને સંલગ્ન ઉદ્યોગોને વિકાસ કરવા, શરૂ કરવા અને નિભાવવા.

(૧૧) પર્યાવરણની જાળવણી અંગેના કાર્યક્રમો કરવા તથા વૃક્ષારોપણની પ્રવૃત્તિઓ કરવી અને તેને લગતી આનુષાંગિક પ્રવૃત્તિઓ કરવી.

Scanned with OKEN Scanner

(૧૨) લોકોના સ્વાસ્થ્ય તથા શારીરિક, માનસિક, બૌધિક, નૈતિક, વિકાસ અંગેની વિવિધ પ્રકારની કાયદા માન્ય રમતગમતની પ્રવૃત્તિઓ કરવી.

(૫) ટ્રસ્ટીમંડળ :

(૧) ટ્રસ્ટીઓની સંખ્યા ઓછામાં ઓછી ૩ (ત્રણ) અને વધુમા વધુ ૧૧ (અગિયાર) ની રહેશે. હાલ ૫ (પાંચ) ટ્રસ્ટીઓની નિમણુંક કરવામા આવેલ છે. ભવિષ્યમા જરૂર પડયે ચાલુ ટ્રસ્ટીઓ વધુ ટ્રસ્ટીઓની નિમણુંક કરી શકશે.

(૨) આ ટ્રસ્ટડીડ મુજબના તમામ ટ્રસ્ટીઓ આજીવન ટ્રસ્ટી તરીકે કાર્ય કરશે.

જો કોઈ આજીવન ટ્રસ્ટીનું અવસાન થાય, તેઓ ટ્રસ્ટમાંથી છુટા થાય, રાજીનામું આપે, કામ કરવા ના પાડે, અશકત થાય, વૃધ્ધાવસ્થા , ગાંડપણ યા અસ્થિર મગજની સ્થિતિને કારણે અગર બિમારીને કારણે યા અન્ય કોઈ કરણે કામ કરવા અશકિતમાન અથવા શારીરિક કે માનસિક કારણોસર ટ્રસ્ટી તરીકે કામ કરવા અસમર્થ થાય, ટ્રસ્ટના હિત વિરૂધ્ધ કાર્ય કરે અથવા નાદારી વગેરે કારણોસર જો કોઈ આજીવન ટ્રસ્ટીની જગ્યા ખાલી પડે તો તેવી ખાલી પડેલી જગ્યા બાકીના આજીવન ટ્રસ્ટી સમાજની કોઈપણ લાયક વ્યકિતમાંથી નિમણૂંક કરી પુરી શકશે અને તે પણ આજીવન ટ્રસ્ટી તરીકે કાર્ય કરશે.

(૬) હોદેદારો :

આજીવન ટ્રસ્ટીઓ તેમનામાંથી બહુમતીથી ઠરાવ કરી નીચે જણાવેલ હોદેદારોની નિમણૂંક કરશે. અને તેમના હોદાની મુદત ૩ (ત્રણ) વર્ષની રહેશે.

પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી

જો કોઈ હોદેદારનું મુદત દરમ્યાન અવસાન થાય, તેઓ ટ્રસ્ટમાંથી છુટા થાય, રાજીનામું આપે, કામ કરવા ના પાડે, અશકત થાય, વૃધ્ધાવસ્થા, ગાંડપણ યા અસ્થિર મગજની સ્થિતિને કારણે અગર બિમારીને કારણે યા અન્ય કોઈ કરણે કામ કરવા અશકિતમાન અથવા શારીરિક કે માનસિક કારણોસર જો કોઈ ટ્રસ્ટીની જગ્યા ખાલી પડે તો તેવી ખાલી પડેલી જગ્યા આજીવન ટ્રસ્ટીઓ બાકીના ટ્રસ્ટીઓમાંથી બાકીના સમય માટે નિમણૂંક કરી પુરી શકશે.

Scanned with OKEN Scanner

(૭) પ્રમુખશ્રીની ફરજો :

(૧) પ્રમુખની સંસ્થાની તમામ મિટીંગો, સભા, અસાધારણ સભા વિગેરે બેઠકોનું સંચાલન તથા નિરીક્ષણ કરશે.

(૨) ટ્રસ્ટી મંડળ બોર્ડની સભામાં પ્રમુખ તરીકે સ્થાપન કરશે.

(૩) ટ્રસ્ટીની સભા બોલાવવા મંત્રીશ્રીને હુકમ કરશે.

(૪) પ્રમુખશ્રી સંસ્થાને રોજ–બરોજના કાર્યોનું સંચાલન , નિરીક્ષણ કરશે તથા જરૂરી સલાહ–સુચના આપશે.

(૫) સંસ્થાના હેતુ પાર પાડવા માટે તથા સંસ્થાના હીત માટે ટ્રસ્ટસંસ્થાના બંધારણની મર્યાદામાં રહીને જો કોઈ કાર્ય કરવાની જરૂરત ઉભી ગાય તે મુજબ કાર્ય કરશે.

(૬) ટ્રસ્ટીની કોઈપણ સભામાં સરખા મત થાય તો પ્રમુખશ્રીને વધારાનો એક મત આપવાનો અધિકાર રહેશે.

(૭) કોઈપણ સભાનું કયું કામ પહેલું લેવું તે રૂલીંગ આપી શકશે અને પ્રમુખશ્રીનો નિર્ણય છેવટનો રહેશે.

(૮) કાર્યસૂચીમાં નહીં જણાવેલ કામો કોઈપણ દાખલ કરવા કે નહી તેનો નિર્ણય લઈ શકશે.

(૯) ટ્રસ્ટનું વાર્ષિક નિવેદન તૈયાર કરી સભામાં રજૂ કરશે.

(૧૦) ટ્રસ્ટના તમામ પ્રકારના હિસાબી ચોપડાઓ રખાવશે અને લખાવશે.

(૧૧) સંસ્થાનું તમામ રેકર્ડ તેમના હસ્તક રહેશે.

(૧૨) નાણાંકીય લેવડ–દેવડ કરવા માટે ટ્રસ્ટ વતી સહી કરવી સત્તા રહેશે.

(૧૩) ટ્રસ્ટ વતી દસ્તાવેજો કરવા –કરાવવા અગર રજીસ્ટ્રેશન કરાવવાની સત્તા રહેશે.

(૧૪) ટ્રસ્ટનાં હેતુઓનાં અમલ માટે ટ્રસ્ટની મિલ્કતો વેચવી, ખરીદવી, બક્ષીસ લેવી, ગીરો મુકવાનો જે તે સમયનાં કાયદાને આધિન રહી કરવામાં આવશે.

(૮) ઉપપ્રમુખની ફરજો :

પ્રમુખને તેમના કાર્યમાં મદદ કરશે તથા તેમની અવેજીમાં (ગેરહાજરીમાં) પ્રમુખનાં તમામ અધિકારો ભોગવી શકશે.

(૯) મંત્રીની ફરજો :

(૧) ટ્રસ્ટી મંડળ તથા પ્રમુખના આદેશો અને માર્ગદર્શન હેઠળ સંસ્થાનું તમામ કામકાજ સંભાળશે.

Scanned with OKEN Scanner

(૨) સંસ્થાની મિલ્કતોનો વહીવટ કરશે.

(૩) સંસ્થાના ધ્યેય અને ઉદ્દેશ મુજબ ટ્રસ્ટી મંડળ અને તેનું સંચાલન કરશે.

(૪) સંસ્થાના તમામ પ્રકારના હિસાબો રાખશે, ઓડીટ કરાવશે અને સામાન્ય સભામાં મંજૂરી માટે રજૂ કરશે.

(૫) વેતનીક કાર્યકર્તાઓ પાસેથી કાર્ય કરાવશે તથા તેમને માર્ગદર્શન આપશે.

(૬) વેતનીક કાર્યકર્તાઓની રજા મંજૂર કરશે, ગ્રેડ મુજબ વધારો આપવા નિર્ણય કરશે.

(૭) પ્રમુખશ્રી સોંપે તે કામગીરી કરવી.

(૮) ટ્રસ્ટના નાણાંનો હિસાબ રાખવો , લેવડ–દેવડ કરવી.

(૯) દાન મળે તેની રસીદ આપવી, નાણાંનો હિસાબ રાખવો અને તેને લગતા ચોપડાઓ લખવા.

(૧૦) રૂા. ૫,૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરા સુધીની રકમ હાથ પર રાખવાની સત્તા છે.

(૧૧) નાણાંકીય વ્યવહાર ચેક તેમજ રોકડ ધ્વારા જ કરવા.

(૧૨) નાણાંને લગતા સવાલોનો જવાબ આપવાની ખજાનચીની ફરજ છે.

(૧૦) ટ્રસ્ટીઓની સભા :

(૧) ટ્રસ્ટી મંડળની સભાઓ વર્ષમાં ઓછામાં ઓછી ત્રણ વખત બોલાવવાની રહેશે. પ્રમુખશ્રી અનુકૂળ જગ્યાએ બોલાવી શકશે.

(૨) ટ્રસ્ટી મંડળની દરેક સભાનું કોરમ ઓછામાં ઓછી જે તે સમયની ટ્રસ્ટીઓની સંખ્યાના ૨/૩ ટ્રસ્ટીઓની હાજરીથી થયેલું ગણાશે.

(૩) ટ્રસ્ટીઓની સભા માટે સભાની તારીખ અને સમય અને સ્થળની નોટીસ સામાન્ય રીતે સભાના નિયમ સમયથી ૩ દિવસ અગાઉ મૌખિક અગર લેખિત રીતે આપવામાં આવશે. જરૂર પડયે ટુંકી નોટીસથી પણ સભા બોલાવી વર્તમાન ઈલેકટ્રીક મીડીયાનો પ્રયોગ પણ થઈ શકશે. ફોન, એસ.એમ.એસ. ઈ–મેલ વેબસાઈડ વિગેરે.

(૧૧) કર્મચારીઓ રાખવા બાબત :

ટ્રસ્ટનો વહીવટ કરવા માટે પ્રમુખશ્રી નોકરો કે કર્મચારીઓ યોગ્ય પગાર આપી નોકરીએ રાખશે કે બરતરફ કરી શકશે .

Scanned with OKEN Scanner

(૧૨) ટ્રસ્ટની આવકના સાધનો :

દાન , ભેટ , સરકારી, અર્ધસરકારી , ગ્રાન્ટ , વિગેરે

(૧૩) પરીપત્ર :

અગત્યનાં કામકાજમાં દરેક ટ્રસ્ટીને પરીપત્ર ફેરવી નિર્ણય કરી શકશે.

(૧૪) મીનટસ બુક :

ટ્રસ્ટી મંડળની દરેક સભામાં થયેલા કામકાજ અંગેની વિગતવાર અહેવાલ મીનીટસ બુકમાં લખવાનો રહેશે.

(૧૫) હિસાબી વર્ષ :

ટ્રસ્ટનું હિસાબી વર્ષ ૧ લી એપ્રિલથી ૩૧ માર્ચ આખરનું રહેશે. કાયદાની જોગવાઈ મુજબ હિસાબ નિયમિતરાખવામાં આવશે અને ઓડીટ કરાવીને જાહેર ટ્રસ્ટ નોંધણી કચેરી સુરતમાં નિયત સમયમાં રજૂ કરવામાં આવશે.

(૧૬) ટ્રસ્ટના નાણાંનું રોકાણ :

મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ કલમ – ૩૫ કાયદાને આધિન કરશે. કંપની તથા શેરોમાં રોકાણ કરતાં પહેલા સંયુકત ચેરીટી કમિશ્નરશ્રીની કચેરી સુરતની પ્રથમ પરવાનગી મેળવીને કરવાનું રહેશે.

(૧૭) બેંક એકાઉન્ટસ :

ટ્રસ્ટનુ બેંક એકાઉન્ટસ ટ્રસ્ટનાં નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં અગર કાયદા હેઠળ માન્ય સરકારી બેંકમાં રાખવામાં આવશે અને તેની લેવડ–દેવડ પ્રમુખ અને મંત્રીની સંયુકત સહીથી થઈ શકાશે.

(૧૮) પેટાસમિતિ નિમવા :

ટ્રસ્ટ અંગે જરૂર પડે ત્યારે ટ્રસ્ટી મંડળનાં હેતુઓના અમલ માટે પેટા સમિતિથી નિમણૂંક કરશે.

(૧૯) નિયમો ઘડવા બાબત :

ટ્રસ્ટના હેતુઓના અમલ માટે ટ્રસ્ટી મંડળને જરૂર જણાય ત્યારે નિયમો ઘડશે અને સમય સંજોગો પ્રમાણે તેમાં ફેરફાર કે સુધારા વધારા કે કમી કરી શકશે.

Scanned with OKEN Scanner

(૨૦) ટ્રસ્ટની મિલ્કતો સપ્રાપ્ત થવા બાબત :

સંસ્થાના સ્થાપકે આપેલ રકમ ઉપરાંત હવે પછી જે કોઈ મિલ્કત દાનથી કે અન્ય રીતે ટ્રસ્ટ માટે ભેગી કરાશે તે તમામ મિલ્કત ટ્રસ્ટની ગણાશે.

ટ્રસ્ટની મિલ્કત જે તે સમયે ચાલુ હોય તે ટ્રસ્ટીઓને સંપ્રાપ્ત થશે. તમામ મિલ્કતોની વ્યવસ્થા તથા વહીવટ ટ્રસ્ટી મંડળ કરશે. જયારે જયારે ટ્રસ્ટી મંડળમાં ફેરફાર થાય ત્યારે પહેલાના ટ્રસ્ટીઓના નામે જે મિલ્કતો હોય તે ચાલુ રહેતા ટ્રસ્ટીઓ તથા નવા ટ્રસ્ટીઓનાં નામ ઉપર ચઢાવી દેવી જોઈએ. તમામ મિલ્કતોના વહીવટ ટ્રસ્ટી મંડળ વતી પ્રમુખ ટ્રસ્ટી કરશે.

(૨૧) કાયદાના સલાહકાર :

આ ટ્રસ્ટના રોજ–બરોજનાં વહીવટમાં ઉભા થતા કાયદાઓના પ્રશ્ન અંગે ટ્રસ્ટી મંડળ કાયદાના સલાહકારની નિમણૂંક કરી શકશે તેમજ કાર્ટમાં કોઈ કેસો કદાચ દાખલ થાય તો વકીલશ્રીની પણ નિમણૂંક કરી શકશે. મહેનતાણું નકકી કરી ચૂકવી પણ શકાશે.

(૨૨) અન્ય બાબત :

ટ્રસ્ટ ડીડમાં કોઈ સુધારો– વધારો યા ફેરફાર કરવાની જરૂરીયાત ઉભી થાય તો જે તે વખતનાં ટ્રસ્ટીઓ બહુમતીથી ઠરાવ કરી શકશે, જે ટ્રસ્ટ કાયદાને આધિન રહી કરી શકશે.

ટ્રસ્ટને દાન તરીકે જે કોઈ સ્થાવર તથા જંગમ મિલ્કત કે રોકડ રકમ આપ્યા પછી તેમનાં વારસદાર કે મિત્રોનો કોઈપણ હકક રહેતો નથી. ટ્રસ્ટીઓમાં તેમજ સ્થાવર, જંગમ, મિલ્કતોમાં કોઈ ફેરફાર થાય તો તેનો ફેરફાર રીપોર્ટ નમુના નં. ૩ માં ૯૦ દિવસમાં જાહેર ટ્રસ્ટીઓની નોંધણી કચેરી, સુરતમાં રજુ કરવાનો રહેશે.

(૨૩) ટ્રસ્ટનાં વિસર્જન બાબત :

જો ટ્રસ્ટ બંધ કરવાનો સમય આવે અથવા તેવી પ્રવૃતિ કરવામાં આવે તો ટ્રસ્ટીઓ બહુમતીથી ઠરાવ કરીને આવા જ પ્રકારની સંસ્થા હોય તેનેટ્રસ્ટની જે કોઈ સ્થાવર જંગમ મિલ્કત હોય તે ટ્રસ્ટની શરતોને આધિન તેને સોંપી દેવામાં આવશે.

આ ટ્રસ્ટ ડીડમાં જણાવેલ કલમોનો અમલ મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટોના અધિનિયમ ૧૯૫૦ ને આધિન રહી કરવાનો રહેશે.

Scanned with OKEN Scanner

આ વિગતનો આ ટ્રસ્ટનો કરાર અમો પ્રથમ પક્ષકારે અમારી રાજી ખુશી, સંમતિથી કરેલ છે જે અમોને તથા અમારા વંશ, વાલી, વારસોને કબુલ, મંજુર, બંધનકર્તા છે સહી અને રહેશે સહી.

અત્રે ................................મતુ     અત્રે ................................શાખ

સાક્ષી.

D. S. Pandey
(સેટલર– દેવેન્દ્રકુમાર સત્યદેવ પાંડે)

Anup Rajput
10 - Jalaram Hudco Society.
જીજ્ઞેશ મિસ્ત્રી
૨૪૬ / જલારામ હુડકો સોસાયટી
બારડોલી.

અમો ને ટ્રસ્ટીપદ સ્વીકાર્ય છે.

D. S. Pandey ---------------- દેવેન્દ્રકુમાર સત્યદેવ પાંડે
[signature] ---------------- હિતેન્દ્ર સત્યદેવ પાંડે
[signature] ---------------- વિશાલકુમારમોહનભાઈમીસ્ત્રી
સત્યદેવ ઉદયરાજ પાંડે ---------------- સત્યદેવ ઉદયરાજ પાંડે
કેવલાબેન સત્યદેવ પાન્ડેય ---------------- કેવલાબેન સત્યદેવ પાંડે.

Scanned with OKEN Scanner

# :: TRUST DEED ::

On Samvant 2072, Magshar Sud 13, Wednesday, Date : 23rd, Month of December, Year : 2015 English Day, this Trust deed has been executed between the following parties.

**<u>First Party As The Settler :-</u>**

**Mr. Devendrakumar Satyadev Pande**

Age : 33 years, Occupation : Business,

Resident : 21, Swar Villa Srishti Bungalows, Bardoli,

Ta. Bardoli, Dt. Surat.

AND

**<u>Second Party As The Trustees:-</u>**

**(1) Mr. Devendrakumar Satyadev Pande**

Age : 33 years, Occupation : Business,

Resident : 21, Swar Villa Srishti Bungalows, Bardoli,

Ta. Bardoli,Dt. Surat.

**(2) Mr. Hitendra Satyadev Pande**

Age : 30 years, Occupation : Business,

Resident : 21, Swar Villa Srishti Bungalows, Bardoli,

Ta. Bardoli, Dt. Surat.

**(3) Mr. Vishalkumar Mohanbhai Mistry**

Age : 28 years, Occupation : Business,

Resident : 246, Jalaram Hudko Society, Bardoli,

Ta. Bardoli, Dt. Surat.

**(4) Mr. Satyadev Udayraj Pande**

Age : 69 years, Occupation : Business,

Resident : 21, Swar Villa Srishti Bungalows, Bardoli,

Ta. Bardoli, Dt. Surat.

**(5) Mrs. Kevlaben Satyadev Pande**

Age : 65 years, Occupation : Housework,

Resident : 21, Swar Villa Srishti Bungalows,

Near Shishu Mandir School, Dhamdod Lumbha,

Bardoli, Ta. Bardoli, Dt. Surat.

We, the first party, have long wanted to do social service in the educational and social fields. Accordingly, today we have constituted a public trust. And for that from our personal property of Rs. 2,500/- (Rupees Two Thousand Five Hundred) is assigned to the second party. Now neither we nor our descendants, guardians, heirs have any rightful share over that amount. The terms of this trust are as follows.

**(1) Name of the Trust :**

The name of this trust shall be "Shri Satyakevlam Education and Cheritable Trust".

**(2) Office** :

The office and headquarters of this trust shall be at the following address for the time being.

C/o. Devendrakumar Satyadev Pande

21, Swar Villa Srishti Bungalows, Bardoli, Bardoli, Surat.

The trustees can change it if needed in future.

**(3) Area of work :**

The Area of work of the trust will be whole India.

**(4) Objects of the trust :**

The following objectives of the institution shall be implemented without discrimination of any caste and religious. These objectives shall be achieved by prior permission of the government and rules as applicable from time to time.

(1) To establish, run and maintain such institutions to take necessary action in relation to all activities for education and training such as pre-primary, primary schools, secondary schools, higher secondary schools, and education.

(2) To start and run a reading room for the reading of Spiritual books for the mental and physical development of the students as well as for their cultural development.

(3) Conducting necessary competitive examinations and distribution of necessary prizes in this regard to maintain excitement and enthusiasm among the students.

(4) To perform various activities for development of health, physical, mental, cultural, intellectual development in the students.

(5) To provide books, food, clothing and other necessities of life or scholarship or all kinds of financial assistance to deserving or poor students.

(6) To establish and run orphanages, charity centers, old age homes, ashram shala, sanatoriums, hostels for students and to carry out public welfare and spiritual activities.

(7) To promote human relief activities, conduct relief in case of natural calamity and to undertake other measures for public welfare

(8) To establish and maintain medical checkup camps, blood donation camps, dispensaries, hospitals, nursing homes, laboratories, health centers, first aid centers, or assist and promote such services and provide ambulance vans to the public within the limits of the trust.

(9) Organizing medical camps like Blood Donation Camp, Eye Donation/Medical Camp, Dental Camp, Diagnostic Camp, and Physical Therapy Camp etc. and providing medicines to the poor and needy and paying hospital bills.

(10) To strengthen and support socially abandoned, divorced, widowed and poor and disabled sisters. and to establish, start and to develop home industries and allied industries.

(11) To carry out programs related to the preservation of the environment and tree plantation and allied activities.

(12) To carry out various types of sports activities approved by law regarding the health and physical, mental, intellectual, moral, development of the people.

**(5) Board of Trustees :**

(1) The number of trustees shall be a minimum of 3 (three) and a maximum of 11 (eleven). At present 5 (five) trustees have been appointed. The current trustees may appoint more trustees if required in future.

(2) All trustees under this trust deed shall act as trustees for life. If any of the trustees appointed under this trust deed hereafter resigns or dies or is convicted of a criminal offense as per Indian act, in the event that he is incapacitated to act as a trustee or disqualified from being a trustee for any reason, the continuing trustees shall appoint a suitable person as a trustee by a majority vote. While appointing additional trustees in place of vacancies of trustees, the first choice should be made from among the family members or direct heirs of the existing trustees. And the term of such appointed trustees shall be for life.

**(6) Designators :**

The Lifetime Trustees shall appoint the following designators by resolution by majority. And the term of them will be 3 (three) years.

**President, Vice President, Secretary**

If a trustee's term expires during their tenure, they resign from the trust, submit a resignation, be unable to work, get ill, disable, old age, or unstable mental condition, or for any other reason, physical or mental, if a trustee's position becomes vacant, it can be filled permanently by the remaining trustees for the remaining period.

**(7) Duties of the President :**

(1) The president will manage & inspect all meeting, general meeting, extra ordinary meetings, etc. of the trust.

(2) To have post of President in every meeting of the board of trustee.

(3) To order the Secretary to call meeting of the trustees.

(4) To manage, inspect and give necessary advice, guidance for day to day activities of the trust.

(5) To do every acts as per requirement in the limit of trust deed for interest of the trust and to achieve objects of the trust.

(6) If equal voting in meeting of trustees' meeting at any time, then the President shall give one additional vote.

(7) To give ruling for what work of any meeting is to be carried out first and decision of the president will final.

(8) To take decision for entering or not entering any work which is not stated in agenda.

(9) A trustee shall present the annual report of the trust in the meeting.

(10) To maintain and record all types of financial statements of the trust.

(11) The organization's all records will remain in their custody.

(12) To have the authority to sign on behalf of the trust to enter into financial transactions.

(13) To have the authority to prepare and submit documents, if required for registration of the trust.

(14) The trust's properties may be sold, purchased, leased, or disposed of as per the rules and regulations of the time.

**(8) Duties of the Vice President :**

The Vice President will assist the President in their work and may exercise all powers of the President In-absentia (in their absence).

**(9) Duties of the Secretary :**

(1) Under the directives and guidance of the board of trustees and the chairman, will manage the Board of Directors affairs.

(2) Shall manage the assets of the Institute.
(3) Shall operate the board of Directors and its operations according to the institute's goals and objectives.
(4) Shall maintain all types of accounts of the institute, to get audits, and present them for approval at general meetings.
(5) Shall oversee the work performed by salaried employees and provide them with guidance.
(6) Shall approve the leave of salaried employees and decide on increments according to grade.
(7) Shall perform the tasks assigned by the president.
(8) Shall maintain the accounts of the trust and make transactions.
(9) To give receipt on receiving donation by the trust and to maintain accounts of funds.
(10) There is authority to hold cash up to Rs. 5,000/- (Five thousand rupees) in hand.
(11) Financial transactions to be conducted via checks and cash.
(12) It is the treasurer's duty to respond to queries related to finances.

**(10) Meeting of the Trustees :**

1. The board of Trustee meetings shall be convened at least three times a year. The President may convene meetings at discretion.
2. The quorum for each of the board of trustee meeting shall be calculated based on 2/3 of the total number of trustees of board.
3. Notice for trustee meetings, including the date, time, and location, shall be provided in accordance with meeting rules, orally at least 3 days in advance or in writing if necessary. Electronic media such as phone, SMS, email, website, etc., may also be used for urgent notices.

**(11) To appoint Employees :**

The president has the authority to hire suitable employees for managing the trust's activities. They can appoint employees, determine their salaries, retain or dismiss them as necessary.

**(12) Income sources of the Trust :**

By Donation, Gift, Fees, Government, Semi Government grant, etc.

**(13) Circular & meeting of notice :**

For important works, each trustee shall be informed by circular and can take decision.

**(14) Minutes Book :**

Detail report regarding activities carried out in each meeting of board of trustee, shall be mentioned in minutes book.

**(15) Accounting Year :**

Accounting year of the trust shall start from 1st April and end on 31st March. Accounts will be maintained regularly as per provisions of law and after auditing the same, submit it before the Public Trust Registration office, Surat.

**(16) Investment of Trust Fund :**

Investment of trust fund will be done subject to Section-35 of Mumbai Public Trust Act, 1950. Before doing investment in any company or shares, prior permission from Joint Charity Commissioner, Surat should be taken.

**(17) Bank Accounts :**

The trust's bank accounts shall be maintained in a nationalized bank approved under government regulations, and withdrawals and deposits can be made jointly by the president and the treasurer.

**(18) To appoint Sub Committee :**

When necessary for the implementation of the trust's objectives, committees may be appointed by the trustee board.

**(19) Construction of Rules :**

When deemed necessary for the implementation of the trust's objectives, the board of trustee may construct the rules, and amend or modifying them as appropriate based on circumstances and timing.

**(20) For acquiring trust properties :**

Apart from the amount given by the settler of the trust, whatever property received by the trust by donation or other way or gathered by the trust, all shall be considered as properties of the trust.

Properties of trust shall be received to the board of trustees from time to time and trustees will administer and manage all such properties. Whenever changes take place in board of trustees, the properties standing in the name of previous trustees shall be added in the name of new and continuing trustees. The President trustee will administer all properties of the board of trustees.

**(21) Legal Adviser :**

For legal problems arise in day to day to affairs of trust, board of trustees may appoint legal adviser and if any case instituted in any court, appoint any advocate for the purpose and can pay remuneration as decided.

**(22) Other Matter :**

If any amendments, additions, or changes need to be made to the trust deed, they can be decided by a majority of trustees present at the time, in accordance with the trust's regulations.

Regarding donations given to the trust as immovable or movable property or cash, their heirs or friends shall have no rights thereafter. If any change occurs among the trustees regarding immovable, movable property, or funds a report of such changes shall be submitted to the Registrar's office of trust, Surat within 90 days, as per Change Report No. 3.

**(23) Regarding dissolution of Trust :**

If the time comes to dissolve the trust or to engage in such activities, the trustees will decide by majority to merge the trust with institution same nature and any immovable or movable property of the trust shall be surrender according to the terms of that trust.

The provisions mentioned in this trust deed shall be implemented in accordance with the Mumbai Public Trusts Act of 1950.

This trust deed is accepted by first party has consented without any pressure, which is binding by us and our descendants, guardians, heirs and will be signed.

And................................ Vote then........................... Credit

Witness

Sd/- Illegible
(Settler - Devendrakumar Satyadev Pande)

Sd/- Illegible
Anup Rajput
90-Jalaram hudko Society

Sd/- Illegible
Jignesh Mistry
246/Jalaram Hudko Society, Bardoli

We accept the trusteeship.

| | |
|---|---|
| Sd/- Illegible | Devendrakumar Satyadev Pande |
| Sd/- Illegible | Hitendra Satyadev Pande |
| Sd/- Illegible | Vishalkumar Mohanbhai Mistry |
| Sd/- Illegible | Satyadev Udayraj Pande |
| Sd/- Illegible | Kevlaben Satyadev Pande |